સંપાદકીય

સંકીર્ણ રાજકારણ

એ નિરાશાજનક છે કે કોંગ્રેસ દરેક મામલે બોલવા અને એ ક્રમમાં ગમે તે વાહિયાત વાત કહી દેવાની પોતાની આદત છોડી નથી શકતી. એ બિલકુલ પણ યોગ્ય નથી થયું કે કોંગ્રેસે હવે સર્જિકલ સ્ટ્રાઇકના વીડિયો પર પણ પોતાનો વાંધો ઉઠાવ્યો. જો કોંગ્રેસને વિભિન્ન ટીવી ચેનલો તરફથી લગભગ બે વર્ષ જૂની સર્જિકલ સ્ટ્રાઇકના વીડિયો ફૂટેજ દેખાડવા યોગ્ય ન લાગ્યું તો પછી તેણે વાહિયાત ટિપ્પણી કરવાને બદલે મૌન રહેવું જોઇતું હતું. શું સર્જિકલ સ્ટ્રાઇકના વીડિયો ફૂટેજ દેખાડતાં એમ કહેવું જરૂરી હતું કે સરકાર સેનાના પરાક્રમનો રાજકીય ફાયદા માટે બેશરમીથી ઉપયોગ કરી રહી છે? શું બે-ચાર અઠવાડિયા બાદ ક્યાંય ચૂંટણી થવાની છે? ના, તો કોંગ્રેસ કઈ રીતે એ નિષ્કર્ષ પર પહોંચી ગઈ કે સત્તાપક્ષને રાજકીય લાભ પહોંચાડવાના ઇરાદે સર્જિકલ સ્ટ્રાઇકના વીડિયો સામે આવ્યા? એ સમજવું કઠિન છે કે કોંગ્રેસ પ્રવક્તા એ નિષ્કર્ષ પર કઈ રીતે પહોંચી ગયા કે મોદી સરકાર સેના પ્રત્યે દુરાગ્રહ ભરેલી છે? શું એવું કશું બોલતાં પહેલાં એ વિશે કંઈ વિચારવું ન જોઇએ કે દેશ-દુનિયા અને ખાસ કરીને પાકિસ્તાનમાં તેની શી પ્રતિક્રિયા હશે? એવું લાગે છે કે કોંગ્રેસે બે વર્ષ પહેલાં પાકિસ્તાન વિરુદ્ધ થયેલ આ સાહસિક અને પહેલી વાર જાહેર કરવામાં આવેલ સૈન્ય કાર્યવાહી પર પોતાના નેતા રાહુલ ગાંધીના એ નિવેદન બાદ કોઈ બોધ નથી શીખ્યા કે વડાપ્રધાન સૈનિકોના લોહીની દલાલી કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ આ પ્રકારનું નિવેદન આપીને એક રીતે પોતાના પગ પર જ કુહાડી મારવાનું કામ કર્યું હતું. જોકે આ અમર્યાદિત નિવેદન માટે કોંગ્રેસની ઘણી ફજેતી થઈ હતી, પરંતુ કદાચ તેમના નેતાઓને એ યાદ નથી રહ્યું. દુર્ભાગ્યે સર્જિકલ સ્ટ્રાઇક પર સસ્તું રાજકારણ કોંગ્રેસની સાથે સાથે કેટલાય અન્ય પક્ષોએ પણ કર્યું. કેટલાક પક્ષોના નેતાઓએ તો આ સૈન્ય અભિયાનની સાબિતી જ માંગી હતી. આ એક રીતે એ જ ભાષા હતી, જે પાકિસ્તાન બોલી રહ્યું હતું.

વિપક્ષી રાજકીય પક્ષો પાસે એની અપેક્ષા ન રાખી શકાય કે તેઓ સત્તા પક્ષોનાં કાર્યોની પ્રશંસા કરે, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેણે સેના પર પણ શંકા વ્યક્ત કરવાનું કામ કરવું. સર્જિકલ સ્ટ્રાઇક પર સવાલ ઊભા કરીને ઠીક એવું જ કરવામાં આવ્યું. કાયદેસર તો સર્જિકલ સ્ટ્રાઇકના વીડિયો સામે આવ્યા બાદ એ નેતાઓને શરમ આવવી જોઇએ, જેના પર તેમણે શંકા વ્યક્ત કરતાં વાહિયાત નિવેદન આપ્યાં હતાં, પરંતુ લાગે છે કે તેઓ પોતાની ભયંકર ભૂલને પણ બહુ આસાનીથી ભુલાવી દે છે. શું એ વિચિત્ર નથી કે જ્યારે સર્જિકલ સ્ટ્રાઇક થઈ હતી, ત્યારે તેના પર સવાલ ઊભા કરવામાં આવ્યા અને હવે જ્યારે તેના વીડિયો ફૂટેજ બહાર આવ્યા તો કહેવાઈ રહ્યું છે કે તેની શી જરૂર હતી? આ સવાલ એ લોકો ન ઉઠાવે તો બહેતર રહેશે, જેઓ સર્જિકલ સ્ટ્રાઇક પર વાહિયાત નિવેદનો આપી રહ્યા છે અને આ ક્રમમાં તેને ફર્જિકલ સ્ટ્રાઇક પણ ગણાવી રહ્યા છે. એ સાચું કે રાજકીય પક્ષો વાતે વાતે બોલવા માટે જ ઓળખાય છે, પરંતુ સારું રહેશે કે તેઓ મર્યાદામાં રહેવાનું પણ શીખે. તેનાથી તેનું ભલું જ થશે.

કાળા નાણાંમાં વધારો

દેશમાં ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સમયે વડાપ્રધાન મોદી અને ભાજપ તેમજ તેના નેતા ગણે દેશની પ્રજાને અનેક વચનોની લ્હાણી કરી હતી જે પૈકી વડાપ્રધાને ખાસ કરીને વિદેશોમાં ભારતના કાળા નાણાંની દરેકના બેંક ખાતામાં ૧૫ લાખ આવી જવાની વાત કરી હતી પરંતુ વિતેલા ચાર વર્ષ દરમ્યાન વિદેશમાંનું એક પણ કાળુ નાણું ભારતમાં નથી આવ્યું કે નથી લાવી શકયા ઉલટાનું સ્વિસ બેંકમાં ૨૦૧૬ના વર્ષમાં લગભગ ૪૫૦૦ કરોડ હતા તેમાં ૨૦૧૭માં ૫૦ ટકા વધારો થઈ ગયો છે. એટલે કે વધીને સાત હજાર કરોડ થઈ ગયા છે. ત્યારે સવાલ ઉઠવા પામ્યો છે કે સરકારે નોટબંધી કરી નોટો બદલાવી, જીએસટીનો અમલ કર્યો અને કાળા નાણાં બાબતે દેશભરમાં વિવિધ સરકારી એજન્સી દ્વારા દરોડા પડે છે છતાં સ્વિસ બેંકમાં કઈ રીતે ભારતના નાણાંમાં વધારો થઈ ગયો?

સમગ્ર વિશ્વમાં કાળા નાણાં માટે સ્વિસ બેંક મશહૂર છે ભારત સહિત મોટા લોકો કે જેમાં એક નંબર અને બે નંબરીનો સમાવેશ થાય છે. તેઓ કાળુ નાણું છુપાવવા માટે સ્વિસ બેંક પસંદ કરે છે. કેમ કે ત્યાંના કાયદા અનુસાર તેની જાણકારી તેના ખાતા ધારક સિવાય કોઈને નથી મળતી સરકારે સરકારોને પણ નથી. હાલના જે આંકડા બહાર આવી રહ્યા છે તે બતાવે છે કે ૨૦૧૬માં આ બેંકમાં ભારતના નાણાં ૪૭૦૦ કરોડ હતા જેમાં ૨૦૧૭માં ૫૦ ટકા વધારો થતાં સાત હજાર કરોડ થઈ ગયા છે.

ખરેખર તો સ્વિસ બેંકમાં ભારતીય નાણાંમાં ઘટાડો થતવો જોઈએ કારણ કે મોદી સરકારે ૨૦૧૪માં કાળા નાણાં વિરુદ્ધ અભિયાન શરુ કરી દીધું છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ વિદેશમાં જમા થયેલ કાળુ નાણું ભારત લાવીને દરેકના ખાતામાં ૧૫-૧૫ લાખ જમા કરવાનો વાયદો આપ્યો હતો પરંતુ સરકાર બનાવ્યા પછી તેણે ચૂંટણી જુમલો ગણાવીને સરકારે હાથ ખંખેરી નાંખ્યા હતા. સરકારે કેટલીક હદ સુધી કાળુ નાણું પકડયું પણ છે. અને એવું મનાઈ રહ્યું હતું કે હવે વિદેશમાં પણ કોઈ પણ કાળુ નાણું નહીં રાખે આમ છતાં તેમાં વધારો થયો છે. તેનો મતલબ એ થઈ શકે છે કે કાળુ નાણાં રાખનાર પર સરકારી અભિયાનની કોઈ અસર નથી પડી કે દેખાઈ. સ્વિસ બેંકમાં કાળા નાણાંનો જે વધારો થયો તે ભારતના કયા નાગરિકના છે તે જાણકારી જાહેર થવી જોઈએ પહેલાની સરકાર આ નામ અને જાણકારી બતાવતી ન હતી પણ મોદી સરકાર પહેલા જેવી સરકાર જેવી નથી.

મોદી સરકાર પારદર્શી સરકાર છે. તેમનું જીવન પણ પારદર્શી રહ્યું છે. કાળા નાણાં વિરોધી લગભગ બે લાખ બોગસ કંપનીઓ તેમણે શોધી કાઢી છે કે જે કાળાનાણાં માટે બનાવી છે તે બેંકમાં ભારતમાં પૈસા જમા કરાવનારાઓને પાછલા વર્ષની સરખામણી વધુ નાણાં જમા કરાવ્યા તેનો મતલબ કે ભારતમાં કાળુ નાણું કમાઈને સ્વિસ બેંકમાં નાંખી રહ્યા છે.

સરકાર સ્વિસ બેંકની જાણકારી મેળવે કે આ કાળુ નાણું કોનું? તે સાથે જ સોશ્યલ મિડિયાનું પણ ધ્યાન રાખે. કેમ કે હવે સોશ્યલ મિડિયા પર આ માહિતી આવશે કે આ કાળુ નાણું કોનું છે? તે જાણકારી અને નામ ખોટા જ હશે. ફેંક જાણકારી હશે જેમાં કોંગ્રેસ નેતાઓ સાથે ભાજપના નેતાઓના નામ પણ આવી શકે છે. સરકાર તેનાથી સાવચેત રહે. અને સ્વિસ બેંકથી જાણકારી પ્રાપ્ત કરીને સંસદમાં આ માહિતી રજૂ કરી જાહેર કરે જેથી દેશને પણ જાણ થાય કે કોણ છે તે દેશના લૂંટારુઓ.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Complex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

ભારતને બદનામ કરતો રિપોર્ટ

જમ્મુ-કાશ્મીર પર સંયુક્ત રાષ્ટ્રનો હાલનો માનવાધિકાર રિપોર્ટ વિવાદોમાં આવી ગયો છે. ૧૪ જૂને જારી થયેલ ૪૯ પાનાંના આ રિપોર્ટને સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ઉચ્ચાયુક્ત ઝૈદ રાદ હુસેને તૈયાર કર્યો છે. તેમાં ઓગસ્ટ ૨૦૧૬થી એપ્રિલ ૨૦૧૮ વચ્ચે જમ્મુ-કાશ્મીરની સાથે જ પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીર એટલે કે પીઓકેમાં પણ માનવાધિકારોની સ્થિતિની નોંધ લેવામાં આવી છે. રિપોર્ટ તૈયાર કરવા માટે ઝૈદે જમ્મુ-કાશ્મીર અને પીઓકેનો પ્રવાસ કરવા માટે ભારત અને પાકિસ્તાનની અનુમતિ માંગી હતી. ભારત સરકારે તેમને અનુમતિ નહિ આપીને યોગ્ય જ કર્યું, કારણ કે આવો રિપોર્ટ તૈયાર કરવાની ઝૈદની પહેલ ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ જ હતી. પાકિસ્તાને ઝૈદને કહ્યું કે તે તેમને ત્યારે જ અનુમતિ આપશે જ્યારે ભારત પણ તેમને અનુમતિ આપશે. ભારતના વલણ પર પોતાનો નિર્ણય કરવાની પાકિસ્તાનની આ રણનીતિથી તેનો વ્યવહાર કોઈ સ્વતંત્ર માનસિકતાવાળા દેશ જેવો નથી લાગતો. જોકે, કોઈપણ દેશની અનુમતિ નહીં મળવા છતાં પણ ઝૈદે પોતાનું અભિયાન ચાલુ રાખ્યું. તેમણે મીડિયામાં આવેલા સમાચારો, નિવેદનો અને સંભવતઃ કોઈ ત્રીજા દેશમાં થયેલ કેટલીક બેઠકોના આધાર પર પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો. આ રિપોર્ટ તૈયાર કરવાની ખોટી રીત છે, કારણ કે તેનાથી શંકા બની રહે છે કે રિપોર્ટની સામગ્રી ભરોસેમંદ છે કે નહીં? તેનાથી પક્ષપાતપૂર્ણ રિપોર્ટ જ તૈયાર થઈ શકે છે. ઝૈદે બિલકુલ એ જ કર્યું. તેમાં આરોપ લગાવવામાં આવ્યો કે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા મોટા પાયે માનવાધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. તેમાં એ જ આરોપ દોહરાવવામાં આવ્યા છે જે ભારત વિરોધી તત્ત્વ અને પાકિસ્તાન ઉછાળતા રહે છે. રિપોર્ટમાં આરોપ કરવામાં આવ્યો છે કે સુરક્ષા દળ નિર્દોષ લોકો પર અત્યાચાર અને મહિલાઓની સતામણી કરે છે. તેમાં સરકારને પણ આડે હાથ લેવામાં આવી છે કે તે દોષી સુરક્ષાકર્મીઓ પર કોઈ કાર્યવાહી નથી કરતી. અફ્સ્પા કાયદો અને પેલેટ ગનના ઉપયોગની પણ આકરી ટીકા કરતાં કહેવાયું છે કે સરકારે સુરક્ષાકર્મીઓ મામલે એક પણ કેસને મંજૂરી નથી આપી. એવા મિથ્યા આરોપવાળા ઝૈદના રિપોર્ટમાં એ મુશ્કેલ હાલતની અવગણના થઈ છે જેમાં વીતેલા ત્રણ દાયકા દરમ્યાન સીમા પારથી આતંકને કારણે સુરક્ષા દળોનો પડકાર વધારે સઘન બન્યો છે. પોતાના પૂર્વગ્રહ જાહેર કરતાં ઝૈદે જમ્મુ-કાશ્મીરમાં સક્રિય આતંકી સમૂહોને 'હથિયારબંધ સમૂહ' કહ્યો છે. જ્યારે ખુદ સંયુક્ત રાષ્ટ્ર લશ્કરે તૈયબા જેવા આતંકી સંગઠનોને આંતરરાષ્ટ્રીય આતંકી સંગઠનોની યાદીમાં મૂકી ચૂક્યું છે. ખુદ સંયુક્ત રાષ્ટ્રનાં તથ્યોને નજરઅંદાજ કરતો ઝૈદનો રિપોર્ટ ખુદમાં શંકાસ્પદ બની જાય છે. આશ્ચર્ય છે કે તે ખુદને સાચો સાબિત કરવાની કોશિશ કરી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય કાનૂનો અંતર્ગત કેટલીક પરિસ્થિતિઓમાં હથિયારબંધ સમૂહ કાયદેસર માનવામાં આવે છે, જેમ કે ઉપનિવેશવાદ વિરુદ્ધ સંઘર્ષમાં, પરંતુ આતંકી સમૂહોને ક્યારેય કાયદેસરતા નથી મળતી. રિપોર્ટમાં ઉલ્લેખ છે કે આ હથિયારબંધ સમૂહ નાગરિકો સાથે અત્યાચાર કરે છે, પરંતુ તેનો ઉલ્લેખ ન કરવામાં આવ્યો કે તેઓ પાકિસ્તાનના ઇશારે એવું કરે છે જે કાશ્મીરમાં સમસ્યાઓનું મુખ્ય કારણ છે. રિપોર્ટમાં એ તો કહેવામાં આવ્યું છે કે પીઓકેમાં સરકારી તંત્ર નાગિરકોને કોઈ અધિકાર નથી આપતું, પરંતુ ભારતીય સુરક્ષા દળો સાથે જોડાયેલા માનવાધિકારોને ક્યાંય વધારે ગંભીર ગણાવવામાં આવ્યા છે. ઝૈદે આ પાસાની નોંધ ન લીધી કે પીઓકેના લોકોને ક્યારેય કોઈ અધિકાર નથી મળ્યો અને તેમને હંમેશાં બીકમાં રાખવામાં આવ્યા. સ્પષ્ટ છે કે તેઓ પાકિસ્તાનની બહેતર છબિ દેખાડવા માંગતા હતા.

ઝૈદે માનવ અધિકાર પરિષદને અરજ કરી કે 'કાશ્મીરમાં માનવ અધિકારોના આરોપોની વ્યાપક, સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસ માટે એક તપાસ પંચની રચના કરવામાં આવે.' પરિષદમાં ૪૭ સદસ્ય દેશો છે જેમની ચૂંટણી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા કરવામાં આવે છે. કોઈ પણ દેશ સતત બે વખતથી વધારે તેના સભ્ય ન રહી શકે. એક કાર્યકાળ ત્રણ વર્ષનો હોય છે. ભારત ૨૦૧૧થી ૨૦૧૭ સુધી સતત બે વખત તેનું સદસ્ય રહી ચૂક્યું છે. બીજી તરફ પાકિસ્તાન હાલમાં તેનું સદસ્ય છે. તેણે સ્વાભાવિક રૂપે તેનું સ્વાગત કર્યું છે. નક્કી છે કે તે ઝૈદના પ્રસ્તાવનું સમર્થન પણ કરશે.

ભારતે આ રિપોર્ટને સંપૂર્ણ રીતે નકારીને એકદમ યોગ્ય કર્યું છે. સરકારે તેને પક્ષપાતપૂર્ણ અને પૂર્વગ્રહયુક્ત ગણાવતાં કહ્યું કે રિપોર્ટમાં સીમા પાર આતંકની અવગણના કરવામાં આવી છે. ભારતે આંતરરાષ્ટ્રીય સમુદાયને યાદ દેવડાવ્યું છે કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને તેનો કેટલોક હિસ્સો ગેરકાયદે રૂપે પાકિસ્તાનના કબ્જામાં છે. આ એ જ વાતનો સંકેત હતો કે ભારતની સંપ્રભુતા પર સવાલ ઉઠાવવાની કોઈપણ કોશિશને સહન નહીં કરવામાં આવે. આ મામલે સરકારનું સમર્થન કરીને કોંગ્રેસ પાર્ટીએ પરિપક્વ પ્રતિક્રિયા આપી. દેશની સંપ્રભુતા સાથે જોડાયેલા મામેલ એવી એકતા બેહદ જરૂરી છે. જોકે બાદમાં કોંગ્રેસના એક પ્રવક્તાએ આ વાત માટે સરકારને આડે હાથ લીધી કે તેણે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર કમિશનરને આવો રિપોર્ટ છાપવા જ કેમ દીધો? આ પરિષદના સદસ્યોએ સમજવું જોઇએ કે જો તેમણે ઝૈદની ભલામણને સ્વીકાર કરી લીધી તો ભારતના રાજકીય વર્ગની સાથે સાથે દેશની જનતા પણ તેમના નિર્ણય વિરુદ્ધ ઊભી થાત. ધ્યાન રહે કે હાલમાં અમેરિકા ઇઝરાયલની સાથેએ ભેદભાવનો આરોપ લગાવીને આ પરિષદની બહાર થઈ ગયું છે. એ જરૂરી તો છે કે ભારતીય રાજદ્વારી પરિષદના સદસ્યોની સાથે સંવાદ કરે, પરંતુ આ રિપોર્ટને લઈને બહુ વધારે ચિંતા કરવાની પણ જરૂર નથી. તેના અણસાર ઓછા જ છે કે પરિષદના સદસ્ય આંતરરાષ્ટ્રીય તપાસની માંગ માનશે. આજે દુનિયામાં ભારતની મોટી હેસિયત છે અને આંતરરાષ્ટ્રીય બિરાદરી પાકિસ્તાનની આતંકી ગતિવિધિઓથી પણ સારી રીતે વાકેફ છે જે જમ્મુ-કાશ્મીરમાં હાલની સમસ્યાઓનું મૂળ કારણ છે. કેટલાક દેશ પગલાં ભરશે તો ભારતની સાથે તેમના સંબંધો પ્રભાવિત થશે. અંગત રીતે કેટલાક દેશ કદાચ ભારતને રિપોર્ટના કેટલાક પાસાં પર ઉઠાવવાની સલાહ આપશે.

માનવાધિકારોનું સન્માન અને પ્રોત્સાહન આંતરરાષ્ટ્રીય સમુદાયના એજન્ડામાં હોવો જોઇએ, પરંતુ તે તેની અવગણના ન કરી શકે કે ઝૈદે ભારતની સંપ્રભુતાને નકારતાં પોતાના અધિકારોના દાયરાની બહાર જઈને કામ કર્યું છે. ઝૈદ જેવા અધિકારી સંયુક્ત રાષ્ટ્રના સદસ્ય દેશોના માલિક નહીં, પરંતુ સેવક છે. ઝૈદ પોતાના કામને લઈને સ્વચ્છંદ ન રહી શકે. તેમને એ ખબર હોવી જોઇએ કે ભારત એક લોકતાંત્રિક દેશ છે જ્યાં માનવ અધિકારોની રક્ષા માટે એક તંત્ર બનેલું છે. સ્વાભાવિક રૂપે દેશ એ જ અપેક્ષા રાખે છે કે ઉશ્કેરણીની તમામ કાર્યવાહી છતાં સુરક્ષા દળ સંયમ અને અનુશાસનના ઉચ્ચ માપદંડોનું પાલન કરે. ઝૈદના રિપોર્ટમાં કાશ્મીરી પંડિતોને રાહત આપવાની પણ ભલામણ કરવામાં આવી છે. આખરી ભલામણ ભારત અને પાકિસ્તાન દ્વારા ત્યાં જનમત સંગ્રહ કરાવવાની છે. આ બેહદ વાહિયાત વાત છે, કારણ કે જમ્મુ-કાશ્મીરના લોકો સંપૂર્ણ રીતે ભારતીય છે. બંધારણ દ્વારા પણ તેમને અધિકાર મળ્યા છે. ઝૈદના પ્રસ્તાવ તેમના ભારત વિરોધી વલણને જ દર્શાવે છે.

કાશ્મીર મુદ્દે સરદાર પટેલ વિરુદ્ધ જૂઠ્ઠાણાં



આ દિવસોમાં કાશ્મીરના કોંગ્રેસી નેતા સૈફુદ્દીન સોઝના પુસ્તક 'કાશ્મીર: ગ્લિમ્પસિસ ઓફ હિસ્ટ્રી એન્ડ ધ સ્ટોરી ઓફ સ્ટ્રગલ' ચર્ચામાં છે. આમાં તેમણે લખ્યું છે કે અનુચ્છેદ ૩૭૦ સરદાર પટેલની દેન છે અને પટેલ તો હૈદરાબાદને બદલે કાશ્મીર પાકિસ્તાનને આપી દેવા તૈયાર હતા, પરંતુ પંડિત નેહરુ એ બાબતે રાજી ન થયા. તાડબતોબ કેટલાક ઝંડા પકડનારાઓએ દોહરાવી દીધું કે સોઝ સાચું કહી રહ્યા છે. બહેતર થાત કે સોઝ અને તેમના એવા લેખન સાથે સહમતિ વ્યક્ત કરનારા થોડી તપાસ કરી લેત. આ મુશ્કેલ કામ પણ નથી. આ બાબતે ૧૩ ખંડોમાં છપાયેલા સરદાર પટેલના પત્રાચારનો પહેલો ખંડ જ પર્યાપ્ત છે. આ સમગ્ર ખંડ કાશ્મીર સમસ્યાને સમર્પિત છે. આ ખંડમાં ૧૯૪૫-૪૬થી લઈને ૧૯૫૦ સુધી પટેલ, નેહરુ, મહારાજા, ગોપાલસ્વામી આયંગર, શેખ અબ્દુલ્લા વગેરે વચ્ચે થયેલ મૂળ પત્રાચાર સંકલિત છે. આ ખંડના આધારે આપણે એ બહુ આસાનીથી કહી શકે છે કે કાશ્મીર સમસ્યા માટે લગભગ સંપૂર્ણ રીતે જવાહરલાલ નેહરૂ અને શેખ અબ્દુલ્લા જ જવાબદાર છે. સામાન્ય ધારણા છે કે મહારાજા હરિ સિંહે જમ્મુ-કાશ્મીરના ભારતમાં વિલયના દસ્તાવેજો પર સમય રહેતાં હસ્તાક્ષર નથી કર્યા, પરંતુ શું કોઈએ એ જાણવાની કોશિશ કરી છે કે સચ્ચાઈ શું છે? નેહરુએ મહારાજાને જેવા પત્ર લખ્યા અને જે રીતે તેમને અપમાનિત કર્યા તેનાથી તેઓ તો શું, કોઈ નાનો-મોટો જમીનદાર પણ આશંકિત થઈ જાય.

જ્યારે બંધારણ નિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ શેખ અબ્દુલ્લાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જમ્મુ-કાશ્મીરને એક સ્વતંત્ર દેશ કહ્યો. સરદાર પટેલે આ વાંચ્યા બાદ ૩૦ સપ્ટેમ્બરે નેહરુને પત્ર લખ્યો, 'શેખ અબ્દુલ્લાએ કાલે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સમાં જે કંઈ કહ્યું તે વાંચીને હું હેરાન છું. શેખ સાહેબે ભારતના કેટલાક એવા લોકોનો પણ ઉલ્લેખ કર્યો છે જેઓ કાશ્મીર પાકિસ્તાનને આપી દેવા માંગે છે. હું જાણવા માંગું છું કે તે કયા લોકો છે? જ્યાં સુધી મારી જાણકારી છે, એવા જેટલા લોકો કાશ્મીરમાં છે એટલા આખા ભારતમાં પણ નથી.' સરદાર પટેલે ગોપાલસ્વામી આયંગરે પણ પત્ર લખ્યો. સરદાર પટેલના ગુસ્સાને ધ્યાનમાં રાખતાં નેહરુ અને આયંગરે ભીનું સંકેલી અબ્દુલ્લાના બચાવમાં લાગી ગયા. નેહરુએ પટેલને લખ્યું, 'હું તમારી સાથે સંપૂર્ણ સહમત છું... અબ્દુલ્લા સારા વિચારક નથી અને હંમેશાં બોલતી વખતે આપણા અને નેતાઓની જેમ બહેકી જાય છે.' પટેલની પ્રતિક્રિયા જાણ્યા બાદ અબ્દુલ્લાએ ૩૦ સપ્ટેમ્બરે જ તેમને પત્ર લખીને એ સફાઈ આપી કે મને સમજવામાં પત્રકારોથી ભૂલ થઈ છે. જોકે સરદાર પટેલ તેમને છોડવાના ન હતા. તેમણે જવાબી પત્ર લખ્યો, 'તમે એકલા એવા માણસ છે જે ન માત્ર ઘણા લોકો, બલ્કે જવાહરલાલ, ગોપાલસ્વામી અને મારા દ્વારા પણ ખોટા સમજી લેવાય છે.'

ઓક્ટોબર ૧૯૪૮ બાદ શેખ અબ્દુલ્લાએ સ્વતંત્ર કાશ્મીરની માંગ વધુ તેજ બનાવી દીધી. તેમણે વિભાજન બાદ પાકિસ્તાન ગયેલા લોકોને ભારત આવવાનું આહ્વાન કર્યું. એક વિદેશી પત્રકારને આપેલ ઇન્ટરવ્યૂમાં અબ્દુલ્લાએ કહ્યું, 'કોઈ દેશમાં કાશ્મીરનો વિલય શાંતિ નહીં લાવી શકે. અમે ઇચ્છીએ છીએ કે ન માત્ર ભારત અને પાકિસ્તાન, બલ્કે બ્રિટન, અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રના અન્ય દેશો એ સુનિશ્ચિત કરે કે કાશ્મીર એક સ્વતંત્ર દેશ બને. સંયુક્ત રાષ્ટ્રની ગેરંટી જ આ મામલે પતાવી શકે છે.' શેખના આ કથનથી બધા હતપ્રભ હતા. ત્યાં સુધી કે ગોપાલસ્વામી પણ, જેઓ હંમેશાં શેખનો પક્ષ લેતા હતા. ગોપાલસ્વામીએ પટેલને પત્ર લખ્યો, 'હું શેખના નિવેદનની પુરજોર ભર્ત્સના કરું છું. મને લાગે છે કે આમાં કાશ્મીરને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવાનો કોઈ ખેલ છૂપાયેલો છે, જેમાં શેખ અબ્દુલ્લા ખુદ સામેલ છે. તેની અંતિમ પરિણતિ ઇતિહાસમાં સૌથી મોટી ગદ્દારી રૂપે હશે.'

જ્યારે બંધારણ નિર્માણનું કામ અંતિમ ચરણમાં હતું ત્યાં સુધી કાશ્મીરને લઈને એક મુસદ્દો તૈયાર કરાઈ ચૂક્યો હતો. આ મુસદ્દાને નેહરુ, પટેલ, ગોપાલસ્વામી, ડો.આંબેડકર, મહારાજા હરિસિંહ, શેખ અને તેમના ત્રણ સાથીઓએ તૈયાર કર્યો. આ મુસદ્દાને અનુચ્છેદ ૩૦૬ના નામે ઓળખવામાં આવ્યો. આ અનુચ્છેદને બંધારણ સભાએ સ્વીકાર કરીને પાસ પણ કરી દીધો, પરંતુ શ્રીનગર પહોંચીને શેખે સંપૂર્ણ મુસદ્દાને ફગાવીને માંગ કરી કે અમે બાકીનાં રાજ્યોથી બરાબર ન રહી શકીએ. અમને અલગ દરજ્જો જોઇએ.' ગોપાલ સ્વામીએ અત્યંત દુઃખ સાથે પટેલને પત્ર લખ્યો, 'તમારા ઘરે બધાની હાજરીમાં શેખ અને તેમના સાથીઓએ મુસદ્દાને સહમતિ આપી હતી. અમને સહેજ પણ આશા ન હતી કે મને અને પંડિતજીને આ રીતે નીચા દેખાડવામાં આવશે.' ત્યારબાદ તો કહાની વધુ દર્દનાક વળાંક લઈ લે છે. ગોપાલસ્વામીએ ૧૫ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ સરદાર પટેલને કાશ્મીર વિશે તેમની સહમતિ માટે એક નવો મુસદ્દો એક પત્ર સાથે મોકલ્યો. તેમાં લખ્યું હતું, 'આ નવા મુસદ્દામાં મૂળ તો એ જ વાતો છે જે પહેલાંના મુસદ્દામાં હતી. થોડીઘણી હેરફેર કરવામાં આવી છે, એ આશાએ કે આ શેખ અને તેમના સાથીઓને સ્વીકાર્ય હશે.'

નવા મુસદ્દાને વાંચીને સરદાર પટેલ દંગ રહી ગયા. જેને ગોપાલસ્વામી નાનું-મોટું પરિવર્તન કહેતા હતા તે તો કંઈક બીજું જ હતું. સરદાર પટેલે ગોપાલસ્વામીને પત્ર લખ્યો, 'મેં જોયું કે મૂળ મુસદ્દામાં બહુ ગંભીર બદલાવ કરવામાં આવ્યા છે. મુખ્યત્વે નાગરિકોના મૂળભૂત અધિકારો અને રાજ્યોના નીતિ નિર્દેશક સિદ્ધાંતોને લાગુ કરવાને લઈને. તમે તેની ગંભીરતા એના પરથી સમજી શકો છો કે કોઈ રાજ્ય ભારતનો હિસ્સો છે, પરંતુ બંધારણના સિદ્ધાંતોને નથી માનતું. મને મૂળ મુસદ્દામાં કોઈ પ્રકારની છેડછાડ બિલકુલ પસંદ નથી, હું આ મુસદ્દા પર મારી સહમતિ ન આપી શકું. તમે લોકો જે ચાહે એ કરો.' આ રીતે સરદાર પટેલના વિરોધ છતાં આ મુસદ્દો કલમ ૩૭૦ રૂપે બંધારણમાં ઘુસાડી દેવાયો અને એ પણ બંધારણ સભાની અનુમતિ વગર. જ્યારે સરદાર પટેલના તમામ સાથીઓએ પૂછ્યું કે આવું કેમ કર્યું તો આદત મુજબ તેમનો સંક્ષિપ્ત જવાબ હતો - 'જવાહર રડશે.' કોને ખબર હતી કે નેહરૂ તો રડશે જ, તેમના બાદની પેઢી પણ કાશ્મીરને રડશે. સારું થાત કે સોઝ જેવા લોકો ઇતિહાસની ઘટનાઓ પર લખતી વખતે ઐતિહાસિક દસ્તાવેજો પર પણ એક નજર નાખી લેવાનું રાખે. તેમણે એ પણ સમજવું પડશે કે કલમ ૩૭૦નો સમાવેશ બંધારણમાં અસ્થાયી રૂપે કરવામાં આવ્યો હતો. મુશ્કેલી એ છે કે તેને હટાવવાને બદલે વધુ વ્યાપક બનાવવાની વાત કરવામાં આવી છે. કદાચ એ જ કારણે આપણે એના પર વાત નથી કરતા કે આખરે આ કલમ બંધારણમાં આવી કઈ રીતે?